# દક્ષિણાની પરંપરા

## અમી બંસલ દ્વારા લિખિત વ્યાખ્યા

ભારત વિશે વિચાર કરો. તમારા મનમાં શું વિચાર આવે છે? મારા મનમાં તો સૌથી પહેલા એ વિચાર આવે છે કે તે કેટલો પ્રાચીન છે — તેની સંસ્કૃતિ કેટલી સમૃદ્ધ અને સુપ્રસિદ્ધ છે, તેનાં દર્શનશાસ્ત્રો કેટલાં ગહન છે, તેના આવિષ્કારો કેટલા પ્રતિભાશાળી છે અને તેની રચનાત્મકતા કેટલી અસીમ છે. ભારતમાં અસંખ્ય ધર્મો છે, રીતરિવાજો અને ભાષાઓની વૈવિધ્યતા છે, તેમજ પ્રજ્ઞાન અને પરંપરાઓનાં અનેકાનેક પાસાંઓ છે જે રોજબરોજના જીવનને સહાય કરે છે, પોષિત કરે છે.

ભારતમાં વિદ્યાર્થીઓ આ પ્રાચીન પ્રજ્ઞાનનું જે એક પાસું શીખે છે તે છે, શ્રીગુરુને ભેટ અર્પિત કરવાનું મહત્ત્વ જેમની પાસેથી તેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. હું ખાસ કરીને આધ્યાત્મિક માર્ગ પર ધ્યાન કેન્દ્રિત કરવા માગું છું, જેમાં એક શિષ્ય આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રીગુરુની પાસે આવે છે. જેઓ બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરવાની લલક રાખે છે, તેમના માટે ભારતના પવિત્ર ગ્રંથોમાં નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેમણે શ્રીગુરુ પાસે કેવી રીતે જવું જોઈએ. એક શિષ્યે શ્રીગુરુની સમક્ષ વિનમ્રતા, ભક્તિ અને સેવા માટે તત્પરતાના ભાવ સાથે તેમજ તેમના હાથમાં યથાસંભવ સર્વશ્રેષ્ઠ ઉપહારો લઈને આવવું જોઈએ. શિષ્ય દ્વારા શ્રીગુરુને અર્પિત કરવામાં આવતા આ ઉપહારોને ‘દક્ષિણા’ કહેવામાં આવે છે. અતિપ્રાચીન સમયથી, દક્ષિણા અર્પિત કરવી એ બધા શિષ્યોનો ધર્મ રહ્યો છે.

સંસ્કૃત ભાષાના શબ્દ ‘દક્ષિણા’ના ઘણા બધા અદ્‌ભુત અર્થો છે. આ શબ્દના પરંપરાગત વ્યુત્પત્તિ શાસ્ત્ર અનુસાર કરેલા વિશ્લેષણમાં, ‘દ’ અક્ષરનો અર્થ છે, “અર્પિત કરવું” અને “આપવું,” ‘ક્ષિ’ અક્ષરનો અર્થ છે, “રહેવું અથવા નિવાસ કરવો” તેમજ ‘ણા’ અક્ષર “જ્ઞાન”ને સૂચવે છે. તેથી ‘દક્ષિણા’ એ ભેટ છે જે વિદ્યાર્થી પોતાના શિક્ષકને અર્પિત કરે છે, જેના દ્વારા વિદ્યાર્થી એ જ્ઞાનમાં પ્રતિષ્ઠિત થઈ જાય છે જે તેને પ્રદાન કરવામાં આવ્યું છે.

જ્ઞાનના સ્રોતને ભેટ અર્પિત કરવાનો આ ધર્મ, ઈશ્વર-સાક્ષાત્કારના માર્ગ પર સર્વોપરી છે. વેદોનો સર્વોચ્ચ સાર જેમાં સમાયેલો છે એવાં ઉપનિષદોમાં શિષ્યના ધર્મ વિશે ઉપદેશો આપવામાં આવ્યા છે કે શિષ્યે પવિત્ર જ્ઞાન અર્થાત્ આત્મજ્ઞાન પ્રદાન કરનારા શ્રીગુરુને ભેટ અર્પિત કરવી જોઈએ. શાસ્ત્રોમાં વર્ણન કરવામાં આવ્યું છે કે આ ભેટ ઘણાં બધાં રૂપોમાં અર્પિત કરવામાં આવતી હતી — જેમકે સોનું, ચાંદી, ગૌધન, અન્ન, વસ્ત્ર, જમીન અથવા અન્ય ભૌતિક વસ્તુઓ. દરેક શિષ્ય પોતાની ક્ષમતા પ્રમાણે ભેટ અર્પિત કરતો હતો.

ઉપનિષદોમાં એ ભાવ વિશે પણ જણાવવામાં આવ્યું છે જે ભાવથી જ્ઞાનની લલક રાખનારા શિષ્યોએ તેમની ભેટ અર્પિત કરવી જોઈએ. ભાવ વ્યક્તિની અંતર-સ્થિતિનું, તેની આંતરિક વાસ્તવિકતાનું, તેના અંતર્જાત સ્વભાવનું વર્ણન કરે છે. દરેક વ્યક્તિ તેના પોતાના જ અનોખા ભાવ સાથે જન્મે છે. તેમ છતાં, દિવ્ય જ્ઞાનના માર્ગ પર એક

સાધક તેના શ્રીગુરુની કૃપા અને માર્ગદર્શનથી તેમજ તેની પોતાની તપસ્યાથી એટલે કે તેના નિષ્ઠાપૂર્વકના અનુશાસનથી એ ભાવને વિકસિત કરી શકે છે જે ઉત્થાનકારી છે અને તેના પ્રયત્નોમાં સહાયક છે. તે આપવાના ભાવને, નિઃસ્વાર્થતાના ભાવને, સન્માનના ભાવને, વિવેકશીલતા વગેરેના ભાવને વિકસિત કરી શકે છે. તે આમાંથી કોઈપણ ભાવનો વિકાસ કરે છે, જે શુદ્ધ અને પરોપકારી હોય છે, એના માટે તે શુદ્ધ અંતર-સ્થિતિમાં અવસ્થિત રહેવાનો સજગ પ્રયત્ન કરે છે અને એ વાત પર ધ્યાન આપે છે કે તેનાં વિચારો, શબ્દો અને કર્મો એ જ ભાવપૂર્ણ સ્થાનથી પ્રવાહિત થાય. એક વ્યક્તિ જે ભાવને જેટલો વધારે વિકસિત કરે છે, એટલો જ વધારે એ ભાવ તેના ચારિત્ર્યનો અંતર્ભૂત ભાગ બનતો જાય છે. અને સમય જતાં, તેમાં એટલું સામર્થ્ય આવી જાય છે કે તે તેનો 'સ્વ-ભાવ', તેની પોતાની અનોખી અને સહજ અંતર-સ્થિતિ બની જાય છે.

તૈત્તિરીય ઉપનિષદમાં આપવાના ભાવ વિશે આ શીખવવામાં આવ્યું છે :

શ્રદ્ધયા દેયમ્। અશ્રદ્ધયાઽદેયમ્।
શ્રિયા દેયમ્। હ્રિયા દેયમ્।
ભિયા દેયમ્। સંવિદા દેયમ્।

શ્રદ્ધાથી આપો. અશ્રદ્ધાથી ક્યારેય ન આપો.
પ્રચુર માત્રામાં આપો. નમ્રતાથી આપો.
અત્યંત આદરયુક્ત ભયથી આપો.
એવા હૃદયથી આપો જે
ઝગમગતી ચિતિથી પરિપૂર્ણ હોય.

તૈત્તિરીય ઉપનિષદમાં આપવામાં આવેલા પ્રેરણાદાયી સિદ્ધાંતોનું પાલન કરીને, પ્રાચીન ભારતમાં જે શિષ્યો શ્રીગુરુ પાસેથી જ્ઞાન મેળવવાની ઇચ્છા ધરાવતા હતા, તેઓ ખૂબ જ નિષ્ઠાથી શ્રીગુરુને ભેટ અર્પિત કરતા હતા. ભારતીય શાસ્ત્રો અને મહાકાવ્યોમાં એવી ઘણી બધી વાર્તાઓ છે જે આનું દૃષ્ટાંત આપે છે કે કેવી રીતે એક શિષ્ય શ્રીગુરુને દક્ષિણા અર્પિત કરતો હતો અને તેના ફળસ્વરૂપ, કેવી રીતે દિવ્ય કીમિયાગરી થતી હતી. ઉદાહરણ તરીકે, છાંદોગ્ય ઉપનિષદમાં સત્યકામ જાબાલની એક ઉત્કૃષ્ટ વાર્તા છે.

આ વાર્તામાં, સત્યકામ જાબાલ નામના એક સાધારણ પરિવારના યુવા જિજ્ઞાસુએ ગૌતમ ઋષિ પાસે આવીને વિનંતી કરી કે તેઓ શિષ્યના રૂપે તેનો સ્વીકાર કરે. સત્યકામને બ્રહ્મજ્ઞાન પામવાની લલક હતી. શ્રીગુરુએ ઉદારતાથી તેને સ્વીકારી લીધો. પરંતુ બ્રહ્મ વિશે ઉપદેશ આપતાં પહેલાં તેમણે સત્યકામને ચારસો પાતળી અને દુર્બળ ગાયો આપી તેમજ તેને નિર્દેશ આપ્યો કે તે ગાયોની સારી રીતે દેખરેખ રાખે.

ગાયોને ચરાવવા માટે જંગલ તરફ લઈ જતી વખતે સત્યકામે પ્રતિજ્ઞા લીધી, ''હું મારા ગુરુ પાસે ત્યાંસુધી પાછો નહીં આવું જ્યાંસુધી આ ગાયોની સંખ્યા એક હજાર ન થઈ જાય.'' સત્યકામ માટે ગાયોની સંખ્યામાં આ વધારો

એ સંપત્તિનું પ્રતીક હતી જે તેના પ્રયત્નોમાંથી ઉત્પન્ન થશે અને એ સામર્થ્યનું પણ પ્રતીક હતી જેના દ્વારા તે કૃપા અને જ્ઞાનના સ્રોતરૂપી તેના શ્રીગુરુને દક્ષિણા અર્પિત કરી શકશે.

વર્ષો સુધી, સત્યકામ જંગલમાં રહ્યો અને પ્રેમથી ગાયોની દેખરેખ રાખતો રહ્યો. સત્યકામ અત્યંત નિષ્ઠાપૂર્વક અને ધ્યાનપૂર્વક તેમની દેખરેખ રાખતો હતો, તેથી ગાયો બળવાન, હૃષ્ટપુષ્ટ અને સ્વસ્થ થઈ ગઈ અને અંતે તેમની સંખ્યા વધીને એક હજાર સુધી પહોંચી ગઈ. એક દિવસ, જ્યારે સત્યકામ એક પીપળાના વૃક્ષની નીચે બેઠાં-બેઠાં ગાયો પર નજર રાખી રહ્યો હતો અને તેના શ્રીગુરુનું સ્મરણ કરી રહ્યો હતો ત્યારે એ ગાયોના ધણમાંથી એક મોટા બળદે તેને સંબોધીને કહ્યું, “હે સત્યકામ, હવે અમે એક હજાર થઈ ગયાં છીએ. અમને શ્રીગુરુના ઘરે લઈ જા.” સત્યકામે એ મોટા બળદનો આભાર માન્યો. પછી એ બળદ બ્રહ્મના એક પાસા પર વ્યાખ્યા કરવા લાગ્યો જે સાંભળીને સત્યકામ આશ્ચર્યચકિત થઈ ગયો.

જ્યારે સત્યકામ તેના શ્રીગુરુના આશ્રમમાં પાછો જઈ રહ્યો હતો, ત્યારે પ્રત્યેક દિવસે પ્રકૃતિનાં તત્ત્વો અને જીવજંતુઓ તેને બ્રહ્મના એક અલગ પાસા વિશે સમજાવતાં હતાં. પહેલા એક નાના અગ્નિએ તેને સર્વવ્યાપી પરમેશ્વર વિશે સમજાવ્યું — પછી એક વન્ય હંસે અને પછી એક જળકૂકડીએ સમજાવ્યું. સત્યકામ સતત વિસ્મિત થતો રહ્યો કારણ કે તેને આખા રસ્તે બ્રહ્મનાં પ્રકાશ અને અનંતતા વિશે ગૂઢ શિક્ષાઓ પ્રાપ્ત થઈ રહી હતી.

જ્યારે સત્યકામ એક હજાર ગાયો સાથે તેના ગુરુના આશ્રમમાં પાછો આવ્યો ત્યારે તે તેની પ્રાપ્તિના તેજથી ચમકી રહ્યો હતો. તેણે જેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, એટલી જ અસાધારણ વિનમ્રતા પણ તેનામાં આવી ગઈ હતી. સત્યકામના સંપૂર્ણ અસ્તિત્વમાં પ્રશાંતિ પ્રતિબિંબિત થઈ રહી હતી.

ગૌતમ ઋષિએ તેમના શિષ્યના આ અદ્‌ભુત રૂપાંતરણને જોયું, તેમની આંખોમાં એ સ્પષ્ટરૂપે દેખાઈ રહ્યું હતું કે તેઓ આ રૂપાંતરણ વિશે જાણે છે અને તેમને પોતાના શિષ્ય પર ગર્વ છે. તેમણે સત્યકામને કહ્યું, “તું બ્રહ્મજ્ઞાનીની જેમ તેજસ્વી દેખાઈ રહ્યો છે. તને આ ઉપદેશો કોણે આપ્યા?”

સત્યકામે ખૂબ જ આદર સાથે જવાબ આપ્યો, “મને બ્રહ્મ વિશે આ ઉપદેશો મારી આસપાસની દરેક વ્યક્તિ અને દરેક વસ્તુ પાસેથી પ્રાપ્ત થયા, જેમકે વનસ્પતિ, જીવજંતુઓ, તત્ત્વો પાસેથી. તેમ છતાં, હે મારા પરમપ્રિય ગુરુદેવ, મને હજી પણ પૂર્ણ બ્રહ્મજ્ઞાન પામવાની લલક છે. શું તમે કૃપા કરીને મને ઉપદેશ આપશો?” ગૌતમ ઋષિએ સત્યકામ તરફ જોઈને સ્મિત કર્યું અને તેને બાકીની શિક્ષાઓ પ્રદાન કરી, આ રીતે તેમણે સત્યકામના બ્રહ્મજ્ઞાનને પૂર્ણતા પ્રદાન કરી.

જ્યારે પણ મેં ઉપનિષદની આ વાર્તા વાંચી છે અને ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ પાસેથી સાંભળી છે, ત્યારે મને આમાંથી ઘણું બધું શીખવા મળ્યું છે. આ વાર્તા અને દક્ષિણા વિશે શાસ્ત્રોની બીજી શિક્ષાઓએ મારા માટે એ સ્પષ્ટ કરી દીધું છે કે આ પવિત્ર અભ્યાસનું સાધનામાં કેટલું મહત્ત્વ છે. મારા સહ-સાધકો અને વિદ્વાનો સાથે થયેલા વાર્તાલાપથી મને જાણવા મળ્યું છે કે આ વાત બીજાં ઘણાં બધાં લોકો માટે પણ સાચી છે. જ્યારે પણ કોઈને આ વાર્તા વાંચવા અને સાંભળવાનો અવસર મળે છે, તેને સમજાય છે કે આ વાર્તા સ્પષ્ટ કરે છે કે શ્રીગુરુને

ભેટ અર્પિત કરવાનું મહત્ત્વ શું છે — જેઓ બ્રહ્મજ્ઞાનના મૂર્તરૂપ છે અને આ જ્ઞાન આપણને પ્રદાન કરે છે.

આ વાર્તાઓ અને શાસ્ત્રોની શિક્ષાઓ એ વાતને વધારે સ્પષ્ટતાથી દર્શાવવામાં મદદ કરે છે જે આપણે સિદ્ધયોગ ગુરુઓ પાસેથી શીખ્યા છીએ : તે છે, શિષ્ય જ્યારે આપે છે ત્યારે જ પ્રાપ્ત કરે છે અને સત્યમાં પ્રતિષ્ઠિત થઈ જાય છે.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.